# ધી સધર્ન ગુજરાત ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઈન્ડસ્ટ્રી

**(આઇ. એસ. ઓ. ૯૦૦૧:૨૦૧૫ પ્રમાણિત સંસ્થા),**

"સંહતિ", છઠ્ઠો માળ, એસ.આઇ.ઇ.સી.સી. કેમ્પસ, ખજોદ ચાર રસ્તા પાસે, અલથાણ રોડ, સરસાણા, સુરત – ૩૯૫ ૦૦૭

ફોન નં. ૨૨૯૧૧૧૧ ફેક્સ નં.૦૨૬૧–૨૪૭૨૩૪૦

E-mail : info@sgcci.in Website : www.sgcci.in

Ref no. PN 2025-26/204 Dt. 06/11/2025

તંત્રીશ્રી, ___________________________, સુરત.

મે. સાહેબશ્રી,

જત નીચેની પ્રેસ નોટ આપના દૈનિકમાં પ્રસિદ્ધ કરી આભારી કરશોજ.

લિ.
આપનો વિશ્વાસુ,

(સેક્રેટરી)

---

## શ્રીલંકા ઈકોનોમિક એન્ડ ઈન્વેસ્ટમેન્ટ સમિટ માટે સુરત સહિત દક્ષિણ ગુજરાતના ઉદ્યોગ સાહસિકો અને વ્યવસાયિકોને આમંત્રણ

### કોલંબોમાં ડિસેમ્બરમાં યોજાનારી સમિટમાં ભાગ લેવા માટે શ્રીલંકા એક્ષ્પોર્ટ ડેવલપમેન્ટ બોર્ડ, સિલોન ચેમ્બર અને એસજીસીસીઆઈ વચ્ચે ઓનલાઈન મીટિંગ યોજાઈ

**સુરતઃ** શ્રીલંકાની રાજધાની કોલંબોમાં તા. ૨ અને ૩ ડિસેમ્બર, ૨૦૨૫માં સિલોન ચેમ્બર ઓફ કોમર્સના ઉપક્રમે શ્રીલંકા ઈકોનોમિક એન્ડ ઈન્વેસ્ટમેન્ટ સમિટ યોજાઈ રહી છે. આ અંગે સિલોન ચેમ્બર ઓફ કોમર્સે, ધી સધર્ન ગુજરાત ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઈન્ડસ્ટ્રીના પદાધિકારીઓ સાથે ઓનલાઈન બેઠકનું આયોજન કર્યું હતું, જેમાં ચેમ્બરના તત્કાલિન પૂર્વ પ્રમુખ શ્રી વિજય મેવાવાલા, ચેમ્બરના માનદ્‌ ખજાનચી સીએ મિતિષ મોદી અને અન્ય ઉદ્યોગ સાહસિકો પણ જોડાયા હતા.

પશ્ચિમ ભારત માટે શ્રીલંકાના કોન્સુલ જનરલ સુશ્રી પ્રિયંકા વિક્રમાસિંગેએ ઓનલાઈન મીટમાં સૌને આવકાર્યા હતા. શ્રીલંકા એક્ષ્પોર્ટ ડેવલપમેન્ટ બોર્ડ, શ્રીલંકા બોર્ડ ઓફ ઈન્વેસ્ટમેન્ટ દ્વારા શ્રીલંકામાં વેપાર અને આર્થિક તકો અંગે પ્રેઝન્ટેશન રજૂ કરવામાં આવ્યું હતું. સિલોન ચેમ્બર ઓફ કોમર્સ દ્વારા આ સમિટ અંગે વિગતવાર પ્રેઝન્ટેશન આપવામાં આવ્યું હતું અને દક્ષિણ ગુજરાતના ઉદ્યોગ સાહસિકો અને વ્યવસાયિકો તેમાં ભાગ લે, મુલાકાત લે એ માટે તેઓને આમંત્રણ પાઠવ્યું હતું. કહેવાયું હતું કે, આ સમિટના ફોકસ સેકટર્સમાં કૃષિ, એપેરલ્સ, શિક્ષણ, એક્ષ્પોર્ટ સેવાઓ, ઈન્ફ્રાસ્ટ્રકચર અને પર્યટનનો સમાવેશ થાય છે.

આ ઓનલાઇન મિટીંગ દરમ્યાન પ્રશ્નોત્તરી પણ યોજાઈ હતી. ચેમ્બરના માનદ્ ખજાનચી સીએ મિતિષ મોદીએ ભારતથી શ્રીલંકામાં મુખ્યત્વે કઈ કઈ વસ્તુઓ એક્ષ્પોર્ટ થાય છે, શ્રીલંકા ભારતમાં મુખ્યત્વે કઈ કઇ વસ્તુઓનું એક્ષ્પોર્ટ કરે છે એના વિશે માહિતી માગી હતી. તેમણે કહ્યું હતું કે, ભારત અને શ્રીલંકા વચ્ચે DTTA (બેવડા કર નિવારણ સમજૂતી) થયેલી છે એ અંતર્ગત શ્રીલંકામાં ભારતીય ઉદ્યોગ સાહસિકોને કઈ વિશેષ સવલતો અને પ્રોત્સાહન મળે એની માહિતી માગી હતી. તેમણે શ્રીલંકામાં હાલ કેટલું એફડીઆઈ આવી રહ્યું છે અને મહત્તમ કયા દેશોમાંથી આવે છે તેની પણ માહિતી માગી હતી.

એસજીસીસીઆઈના ગ્લોબલ કનેકટના સીઈઓ શ્રી પરેશ ભટ્ટે ચેમ્બર અને દક્ષિણ ગુજરાતના ઉદ્યોગો વિશે માહિતી આપી હતી. મુંબઈમાં શ્રીલંકાના કોન્સ્યુલેટ જનરલ સુશ્રી શિરાની અરિયારાઠનેએ આભારવિધિ કરી હતી. સિલોન ચેમ્બરે કહ્યું કે આ સમિટ દક્ષિણ ગુજરાતના ઉદ્યોગો માટે મહત્વપૂર્ણ બની રહેશે.